**રે.દિ.કે.નં.૪૭/૨૦૧૧ના કામે આંક–૫ લગત હુકમ** :–

(૧) વાદીએ હાલનો દાવો વિજ્ઞાપન,કાયમી મનાઈહુકમ તથા વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટેનો આંક રૂા. ૮૧,૫૫૦/–નો બાંધી હાલનો દાવો દાખલ કરેલ છે. આ કામે આંક–૫ની મનાઈ અરજી રજુ રાખી એવી દાદ માંગેલ છે કે, આ કામના પ્રતિવાદીઓ દાવાના આખરી નીકાલ થતા સુધી દાવાવાળી મિલ્કતમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કે બાંધકામ કે ચણતરકામ કરે કરાવે નહી તેવા મનાઈહુકમ તથા દાવાવાળી મિલ્કત અંગે કોઈપણ જાતનો વેચાણ વ્યવહાર કરે કરાવે નહી કે, અન્ય કોઈ રીતે મિલ્કત ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે વાદીએ આંક–૫ની મનાઈ અરજીમાં જણાવેલ છે કે, વાદીના વડવા સ્વ. મતવા અસ્લામ સુમારને મોરબી સ્ટેટના મહારાજા શ્રી મહેન્દ્રસિંહજીએ લેખ નં.૧૭૮, ૧૯/૦૩/૧૯૪૮ નારોજથી કાલીકાપરામાં આવેલ ઈશાક મામદનો પ્લોટ નં.૨૧/૧, ક્ષેત્રફળ ૧૩૭૦૭ – ચો.ફુ.નો અઘાટ વેચાણથી આપેલ હતો અને તે અંગેનો અમારા વડવાના નામજોગનો લેખ સ્ટેટે લખી આપેલ હતો, ત્યારથી આ મિલ્કત અમારા વડવાની કાયદેસરની માલીકી અને કબજા ભોગવટાની આવેલ હતી. ઉપરોકત મિલ્કત અમારા વડવાની માલીકી અને કબજા ભોગવટામાં હતી તે મિલ્કત અંગેનો અસ્સલ દસ્તાવેજમોરબીમાં આવેલ પુર હોનારતમાં નાશ પામેલ તેમજ પુર હોનારતથી મોરબી શહેરમાં ખૂબ જ જાનહાની થવા પામેલ, આ પરિસ્થિતિનો અમુક તત્વોએ ગેરલાભ ઉઠાવી અમારા વડવાની માલીકી અને કબજા ભોગવટાવાળી મિલ્કત ખોટીરીતે અને ખોટો ગેર કાયદેસરનો દસ્તાવેજ ઉભો કરીને પચાવી પાડવા કાવત્રુ કરવામાં આવેલું.આ કામના પ્રતિવાદી નં. (૩)નાએ પોતે માલીક ન હોવાછતાં બોગસ પુરાવો ઉભો કરી સદર મિલ્કતના ભાગલા કરી પ્રતિ.નં. ૪,૫,૬,અને ૭નાની સાથે મીલાપીપણું કરી ગેરકાયદેસરરીતે વેચાણ કરી નાખેલ અને પ્રતિવાદીઓએ પણ કોઈ પણ જાતની ખરા માલીક કે કબજેદાર અંગે પુરતી તપાસ કર્યા વગર વેચાણ રાખેલ, અને મિલ્કતના સાચા માલીક અમારા વડવા અસલામ મતવા હતા,અને તેઓએ આ જમીન કોઈને પણ કયારેય વેચાણ આપેલ ન હતી, તેમ છતાં પુર હોનારતમાં અસ્સલ દસ્તાવેજ નાશ પામેલ હોય તેનો ગેરલાભ ઉઠાવી પ્રતિવાદી ઓએ અમારી માલીકીની જમીનનો બારોબાર વેચાણ કરી નાખેલ અને આ તમામ કરવામાં આવેલ ઉતરોતર વેચાણ દસ્તાવેજો ગેરકાયદેસરના છે. આમ અમો વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીન્યન્સ અમો વાદીની તરફેણમાં છે. તેમજ જો અમને માંગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવામાં આવે તો અમને ખૂબ જ ન પુરી શકાય તેવું નુકશાન જાય તેમ છે, જેથી હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે આંક–૨૬થી પ્રતિવાદી નં.(૪)નાએ વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે, તેમા તેઓએ જણાવેલ છે કે, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. વાદીએ માર્ક ૩/૧થી રજુ કરેલ લેખની ખરીનકલ ચો.ફુ.૨૪૫૬–૩ જમીનનો લેખ છે. આમ વાદીએ બીજાની જમીન ઉપર ખોટો દાવો કરી નાણા પડાવવા માંગે છે. પ્રતિ.નં.(૪)નાએ ખરીદ કરેલ જમીન પ્લોટ નં.૬ની જમીન ચો.ફુટ–૧૩૦૯ પૈકીની છે.જયારે વાદીઓની કહેવાતી જમીન મતવા ઈશાક મામદની જગ્યાના પ્લોટ નં. ૨૧/૧ની જમીન ચો.ફુ.૨૪૫૬–૩–૦ છે. વાદીએ જે ચતુર્દીશા બતાવેલ છે, તેનાથી અમો પ્રતિવાદીઓએ ખરીદ કરેલ જમીનની ચતુર્દીશા પણ અલગ છે.અમો પ્રતિવાદીઓએ દાવાવાળી જમીન ૧૯૮૪ માં ખરીદ કરેલ છે અ ને ઘણા વર્ષોથી તેમાં મકાન તથા દુકાન આવેલ છે. અને સૌ લોકો જુવે જાણે તેરીતે કબજો ધરાવી તેનો વાપર ઉપયોગ કરીએ છીએ. અમો પ્રતિ.નં.(૪)નાએ ખરીદ કરેલ જમીન (૧) ગૌતમભાઈ તોલારામ કચોરીયા તથા (૨) અજય કુમાર નેજોમલ રાઠીને રજી.વે.દ.અ.નં.૮૯૦, તા. ૧૫/૦૨/૧૯૮૯નારોજ વેચાણ કરી દીધેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી નં.(૭)નાએ આંક–૩૧થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે, તેમા તેઓએ જણાવેલ છે કે, વાદીના હાલના દાવાને સમય મર્યાદાનો બાધ હોય રદ થવાપાત્ર છે. તેમજ વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડે છે. તેમજ તકરારી પ્લોટ અંગે ગુજરાત સરકાર વિરુધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સીવીલ એપ્લીકેશન નંબર ૧૦૨૨૮/૨૦૦૪થી ૧૦૨૩૧/૨૦૦૪ દાખલ થયેલ હોય,નામદાર હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં. ૩૨૮૬/૨૦૦૦થી ૩૨૮૯/૨૦૦૪ થયેલ હોય અને હજુ તેનો કોઈ ચૂકાદો આવેલ હોવાનું જણાતું ન હોય હાયર લેવલે સબ–જયુડીશ હાલનો દાવો રદ થવાપાત્ર છે.દાવાવાળા પ્લોટનો કબજો ભોગવટો વાદી વિરુધ્ધનો હોય વાદીના દાવાને એડવર્સ પઝેશનના સિધ્ધાંતનો બાધ નડતો હોય દાવો રદ થવાપાત્ર છે. વાદી દસ્તાવેજ રદ કરાવવા દાવો લાવેલ છે, પરંતુ તે રજીસ્ટર દસ્તાવેજ ૧૨–વર્ષ પહેલા થઈ ગયેલ હોય દાવો મુદત બહારનો છે. આ કામના વાદીએ જે લેખ રજુ કરેલ છે તે ફકત ૨૪૫૬ ચો.ફુ.નો છે.મુળ લેખ ઈશાક મામદનો રજુ કરેલ નથી. વાદીને લેખની નકલ તારીખ ૨૦/૦૯/૧૯૯૦ નારોજ મળેલ છે. જયારે હાલાલનો દાવો ૨૦૧૧ની સાલમાં એટલે કે ૨૧ વર્ષ બાદ કરેલ હોય વાદીનો દાવો રદ થવા પાત્ર છે. વાદીએ રજુ રાખેલ વાદવાળી મિલ્કતનો મોરબી સ્ટેટના લેખની કહેવાતી ખરીનકલ બનાવટી તથા ગેર કાયદેસર હોય તે ખરીનકલ પર આધાર રાખી શકાય તેમ ન હોય, દાવો રદ થવાપાત્ર છે. વાદવાળા પ્લોટ અંગે અગાઉ મહે. ડીસ્ટ્રીકટ કલેકટરે અમુક એન્ટ્રીઓ કેસ રીવીઝન માં લઈ કેસ રદ કરવાની તજવીજ કરતા આ પ્લોટ અંગે અગાઉ મોરબીના મહે. સીવીલ જજ સાહેબની

કોર્ટના દિ.મુ.નં. ૧૧/૯૨થી ૧૪/૯૨ ચાલેલ, તે કામમાં થયેલ ઠરાવ સામે નામદાર સરકારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ હોય દાવો રદ થવાપાત્ર છે. સવાલવાળી જમીન અંગે કોઈ મોરબી સ્ટેટનો લેખ હોવાનું અને તે લેખ મોરબીની પુર હોનારતમાં નાશ પામેલ હોવાનું ખોટુ છે.આવો કોઈ લેખ હતો જ નહી. આ હકીકત વાદીએ સાબિત કરવી જોઈએ. આ કામમાં હીત ધરાવતી વ્યકિતએ લેન્ડ રેકર્ડ ખાતામાં ખોટીરીતે લેખની નકલ માંગી જવાબ મેળવી લેખ અગાઉ હતો તેવું અનુમાન લાવી શકાય તેનો લેન્ડ રેકર્ડ ખાતા તરફથી જવાબ મેળવેલ પરંતુ આવો કોઈ લેખ હતો જ નહી એટલે વાદીને કોઈ હકક હીત પ્લોટ અંગે ન હોય, દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે પ્રતિવાદી નં.(૧),(૨)નાએ આંક–૩૪થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે, તેમા તેઓએ જણાવેલ છે કે, વાદીના હાલના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે, તેમજ અપુરતી કોર્ટ–ફી ભરેલ હોય દાવો રદ થવા પાત્ર છે.રજુ થયેલ લેખ નં. ૧૭૮, તા.૧૯/૦૩/૧૯૪૮ થી પ્લોટ નં.૨૧/૧ જમીન ચો.ફુટ ૨૪૫૬–૩ યુવરાજસિંહે મતવા ઈશાક મામદના નામનો કરી આપેલ છે. વાદીએ માર્ક ૩/૧થી રજુ કરેલ લેખની ખરીનકલમાં ચો.ફુ.૨૪૫૬–૩ જમીનનો લેખ છે.જયારે વાદીએ દાવામાં ૧૩૭૦૭ ચો.ફુ. હોવાનું જણાવેલ છે. આમ વાદીઓ વધારાની જમીન ઉપર ખોટો દાવો કરી જમીન પચાવી પાડવા માંગે છે.દસ્તાવેજ નંબર ૪૧થી ૪૪ તા. ૧૩/૦૨/૧૯૮૪ માં પ્લોટ નં.(૬) પૈકી જણાવેલ છે. જયારે વાદી પોતાના દાવામાં પ્લોટ નં.૨૧/૧ની જમીન હોવાનું જણાવેલ છે.સીટી સર્વે નંબર ૪૨૦૩,૪૨૯૪,૪૨૦૫ રવાપર મેઈન રોડ ઉરની જમીન છે, જયારે વાદીએ પોતાના દાવામાં પોતાની માલીકીની જમીનની ચતુર્દીશા પણ જુદી દર્શાવેલ છે. જેથી વાદીનો દાવો તથા મનાઈઅરજી રદ કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે વાદીએ આંક–૮૩થી લેખિત દલીલ રજુ કરેલ છે, તેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીના વડવા સ્વ.મતવા અસલામ સુમારને મોરબી સટેટના મહારાજા મહેન્દ્રસિહજીએ લેખ નં. ૧૭૮,તા.૧૯/૦૩/૧૯૪૮નારોજથી કાલીકાપરામાં આવેલ ઈશાક મામલનો પ્લોટ નં.૨૧ પૈકી ૧, ક્ષેત્રફળ ૧૩૭૦૭ ચો.ફુ.નો અઘાટ વેચાણથી આપેલ હતો, ત્યારથી અમારા વડવાના કબજા ભોગવટામાં આવેલ છે.અને આ લેખ મુજખબ અમારા વડવા આ મિલ્કતના કાયદેસરના માલીક અને કબજેદાર થયેલ છે. ત્યારબાદ અમારા વડવા અવશાન પામતા અમો વાદીઓ મિલ્કતના માલીક અને કબજેદાર બનેલ. આ મિલ્કતનો કબજો ભોગવટો ધરાવતા હતા પરંતુ સને–૧૯૮૯માં મોરબીમાં પુર હોનારત આવતા મોટા પ્રમાણમાં જાનહાની

અને માલહાની થયેલ. અમારો લેખ પુરના પાણીમાં નાશ પામેલ. અમો મજુરીઅર્થે મોરબી મુકીને બહારગામ જતા રહેલ.ત્યારબાદ અમે મોરબીમુકામે આવતાઅને તપાસ કરતા અમારી મિલ્કત આ કામના પ્રતિવાદીઓએ ગેરકાયદેસરરીતે કબજો કરી લીધેલ. અને મિલ્કત ઉપર ગેરકાયદેસરરીતે બાંધકામ કરી નાખેલ અને તે અંગે રેવન્યુ રેકર્ડ અને સબ રજીસ્ટ્રાર કચેરીમાં તપાસ કરતાં આ કામના પ્રતિવાદીઓએ પોતાના નામે બોગસ રેકર્ડ ઉભું કરી ગેરકાયદેસરરીતે જુદા જુદા વેચાણ દસ્તાવેજ કરી નાખેલ અને પ્રતિવાદીઓનો કયારેય દાવાવાળી મિલ્કતમાં  કોઈ પણ જાતનો હકક અધીકાર નથી, તેમછતાં પ્રતિવાદીઓ અંદરોઅંદર મીલાપીપણું કરી ગેરકાયદેસરરીતે વેચાણ દસ્તાવેજન કરી નાખેલ છે. જે ગેરકાયદેસર અને રદ બાતલ છે. અમારા વડવાએ કયારેય પ્રતિવાદીઓને કોઈ મિલ્કત વેચાણ કરેલ નથી કે કબજો સોંપેલ નથી.અમો વાદીઓ તથા અમારા વડવા પછાત જાતીના અભણ,અજ્ઞાન હોય તેમજ કુદરતી આપતી જળ હોનારતને લીધે અમારે મોરબી મુકીને જતું રહેવું પડેલ હોય તેનો ગેરલાભ લઈ પ્રતિવાદીઓએ અમારી કિંમતી જમીન પચાવવા પ્રયત્ન કરેલ છે.આ કામના પ્રતિવાદીઓએ દસ્તાવેજી પુરાવામાં વેચાણ દ.અ.નં. ૮૯૦ તા. ૧૫/૦૨/૮૯ નો રજુ કરેલ છે. જેમાં ખરીદનાર તરીકે ગૌતમ તોલારામ કચોરીયા તથા અજય તેજોમલ રાઠી અને વેચનાર તરીકે વીણાબેન ખેલશંકર જોષીનું નામ આવેલ છે.તેમજ દસ્તાવેજની વિગત જોતાં દસ્તાવેજના પા.નં.૩ ઉપર કાલીકા પ્લોટમાં મીસ્ત્રી છગનભાઈ નરશીભાઈના નામના લેખ નાં.હી.દ.ભે. લે.દસ્તાવેજ નં.૧૭૮, તા. ૧૯/૦૩/૧૯૪૮ ના દિવાર વાળી જગ્યાનો પ્લોટ ૧, નં.૬નો કુલ ૧૩૭૦૭ ચો.ફુટ નો આવેલ છે. ખરેખર લેખ નં. ૧૭૮ તે અમારા વડવા અસ્લામ સુમારના નામે આવેલ છે.જે લેખની ખરીનકલ અમોએ સીટીસર્વે કચેરી મોરબીમાંથી મેળવી રજુ કરેલ છે. આ કામના પ્રતિવાદી નરશી છગન મીસ્ત્રીની માલીકીની આવી કોઈ જગ્યા આવેલ નથી, કે લેખ કાઢી આપવામાં આવેલ નથી, કે આવો કોઈ લેખ પ્રતિવાદીઓએ રજુ કરેલ નથી, કે તેમના કબજામાં નથી  પરંતુ પુર હોનારતમાં રેકર્ડ નાશ પામતા પ્રતિવાદી છગન નરશી મીસ્ત્રી એ બોગસ રેકર્ડ ઉભું કરી તેમજ રેવન્યુ કચેરીમાં મીલાપીપણું કરી ગેરકાયદેસરરીતે જુદા જુદા વેચાણ દસ્તાવેજ નં. ૪૧થી૪૪, તા. ૧૩/૦૨/૧૯૮૪ થી આ કામના અન્ય પ્રતિવાદી ઓને વેચાણ કરી નાખી પ્રતિ.નં.(૪)થી(૭)નાઓએ આ જગ્યા ગેરકાયદેસરરીતે કોઈ પણ જાતની મંજુરી વગર બાંધકામ કરી નાખેલ છે. આ કામના પ્રતિ.નં.(૪)નાએ પોતાના દાવાજવાબમાં જણાવેલ હકીકત ખરી નથી.આ કામના પ્રતિવાદીઓએ કહેવાતી પોતાની જગ્યા કોની પાસેથી ખરીદેલ, તેના મુળ માલીક કોણ છે, તે હકીકત જાણી જોયને છુપાવેલ છે.અને આ કામના પ્રતિ.નં.(૧) છગન  નરશી મીસ્ત્રીની માલીકીની કોઈ જ જગ્યા આવેલ ન હોય, ત્યારે તેમને વેચાણ દસ્તાવેજ કરી આપવાનો કોઈ હકક અધીકાર નથી. અને આવા અધીકાર

વગર આપેલ વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદીઓને કોઈ હકક પ્રાપ્ત થતો નથી, કે આવા વેચાણ દસ્તાવેજનું કોઈ મૂલ્ય રહેતું નથી.આમ વાદીનો સ્ટ્રોંગ પ્રાઈમાફેસી કેસ છે, કારણ કે ૧૯૪૮થી મોરબી સ્ટેટના મહારાજાએ અમારા વડવાને કાયદેસરના લેખથી જમીન આપેલ છે, અને અમારી માલીકી પ્રથમ દર્શનીયરીતે સ્પષ્ટ થાય છે. તેમજ સીટી સર્વે કચેરીમાં પણ અમારા વડવાઓના નામનો લેખ આવેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે, તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમો વાદીની તરફેણમાં છે, અને અમને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો અમને નુકશાન જાય તેમ છે, તેથી વાદીની હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૭) આ કામે પ્રતિવાદી તર્ફે તેમની દલીલમાં જણાવેલ છે કે તારીખ ૧૯/૩/૧૯૪૮ નારોજ મતવા અસ્લામ સુમાર ઈશાકે ખરીદ કરેલ તે લેખ પુર હોનારતમાં નાશ પામેલ. ૧૯૮૪માં અલગ અલગ વેચાણ દસ્તાવેજ થયેલ તે રદ કરવા હાલનો દાવો છે. વાદીએ તેઓનો પ્રાઈમાફેસી કેસ બતાવવો પડે. વાદીઓનો તેઓના વડવા અસ્માલ સુમાર મતવા સાથે શું સબંધ હતો તેવી કોઈ જ હકીકત દર્શાવેલ નથી. કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે. આ કામે માર્ક ૩/૧થી વાદીએ ખરીનકલ નકલ રજુ કરેલ છે, જેમા અરજી કરનાર અરજદાર મોરબીના રહીશ આમદ અસલામનાઓએ અરજી તારીખ ૨૦/૦૯/૯૦ નારોજ કરેલ, ખરી નકલ આપવાનો હુકમ તારીખ ૨૦/૦૯/૯૦ તથા નકલ તૈયાર થયા તારીખ ૨૦/૦૯/૯૦ અને તૈયાર થયેલ નકલ આપ્યા તારીખ–૨૦/૦૯/૯૦ ની જણાય છે. જયારે હાલનો દાવો ૨૦૧૨માં દાખલ કરેલ છે. જેથી દાવો સમયમર્યાદાના કારણે ટકે નહી. વાદીએ રજુ કરેલ લેખ અન્ય મિલ્કત અંગેનો છે. વાદગ્રસ્ત મિલ્કત અંગે જે પ્રતિવાદીઓને જોડેલ છે, તે મિલ્કતનો કબજો અન્ય ત્રાહીતોનો છે. અને તેવો કબજો વાદીએ તેઓની દાવાઅરજી પેરા–(૫)માં જણાવેલ છે કે, કોણે મિલ્કત વેચાણ રાખેલ છે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. પ્રતિવાદીઓએ માર્ક ૧૪/૧થી ૧૪/૭ સુધીનું પુરાવા લીસ્ટ રજુ કરેલ છે, જેમાં માર્ક ૧૪/૧થી રીવીઝનનો ઠરાવ રજુ કરેલ છે, તેમાં સરકારે રીવીઝન જાતે લીધેલ છે. તે હુકમ સામે સ્પે.સ્યૂટ નં.૧૧/૯૨ માર્ક૧૪/૨નો દાવો થયેલ તેમાં પ્રતિવાદી હતા અને તે ચૂકાદો તારીખ ૧૨/૦૬/૨૦૦૧ નારોજ આવેલો. આ દાવો થયેલ તેમાં વાદીને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી. આ કામે માર્ક ૧૪/૩ તથા માર્ક ૧૪/૪ નામદાર હાઈકોર્ટમાં ફ.અપીલ તથા સીવીલ એપ્લીકેશન ચાલુ થયેલ તેની રીટની નકલ રજુ કરેલ છે. માર્ક ૧૪/૫મા પ્રતિ.નં.(૭)નાએ દાવાવાળી મિલ્કત સને–૧૯૮૯ની સાલમાં વિજયકુમાર મોતીલાલ કચોરીયાને રજીસ્ટર્ડ વેચાણ આપેલ તે દસ્તાવેજની નકલ તથા માર્ક ૧૪/૬ થી પટેલ અરજણ માધા પ્રતિ.નં.(૬)નાએ ઘનશ્યામ ડાયકેમ પાસેથી વેચાણથી સને–

૧૯૮૬ ની સાલમાં ખરીદ કરેલ તે વેચાણ દસ્તાવેજ છે. તેમજ માર્ક ૧૪/૭થી પ્રતિ. નં.(૪)ને મિલ્કત સને–૧૯૮૯માં ગૌતમ તોલારામ અને અજયકુમાર નેજોમલ રાઠીને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ તેની નકલ આ કામે રજુ કરેલ છે. આમ પ્રતિવાદીઓ પાસે મિલ્કત નથી અને તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી. આમ વાદીએ એક પણ તત્વ પુરવાર કરેલ ન હોય વાદીની મનાઈઅરજી રદ કરવા અરજ કરેલ છે.

(૮) આ કામે વાદીની દાવા અરજી, મનાઈઅરજી તથા પ્રતિવાદીઓનો જવાબ તથા બંને પક્ષનકારો તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવો, બંને પક્ષોની દલીલો વંચાણે લીધી. આ કામે વાદીએ માર્ક ૩/૧થી રજુ કરેલ લેખ ધ્યાને લઈએ તો તે લેખની નકલ તેઓને તારીખ–૨૦/૦૯/૧૯૯૦ નારોજ મળેલ છે. તે લેખમા કુલ ચો.ફુટ ૨૪૫૬–૩–૦ જણાવેલ છે. અને તે લેખ માં પ્લોટ નંબર ૨૧/૧નો ઉલ્લેખ થયેલો જણાય આવે છે. જયારે હાલનો દાવો પ્લોટ નં. ૨૧/૧નું ક્ષેત્રફળ ચો.ફુટ ૧૩૭૦૭ તેઓના વડવાએ વેચાણ રાખેલાનું દાવા અરજીમાં જણાવેલ છે. તેમજ આ કામે વાદીએ તેઓની દાવાઅરજીમાં વેચાણ દસ્તાવેજ નંબર ૪૧ થી ૪૪ ના તારીખ ૧૩/૦૨/૧૯૮૪ નારોજ ગેરકાયદેસરીતે વેચાણ કરેલાની જાણ નહોતીનું જણાવેલ છે. અને તેઓએ તેમની દાવાઅરજીમાં ઉપરોકત મિલ્કત અમારી સંયુકત માલીકી અને કબજા ભોગવટામાં આવેલ છે, પરંતુ પુર હોનારતમાં અસ્સલ દસ્તાવેજ નાશ પામ્યા હોય અમોએ તાજેતરમાં રેવન્યુ રેકર્ડમાં તેમજ સીટી સર્વે કચેરીમાં તપાસ કરતા અમારી મિલ્કત બારોબાર વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી નાખવામાં આવેલ હોવાની હકીકતની જાણ થતા હાલનો દાવો લાવવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. પરંતુ તેઓને કઈ તારીખે જાણ થઈ તે અંગેની કોઈ તારીખ સ્પષ્ટ જણાવેલ નથી. તેમજ આ કામે પ્રતિવાદીઓએ માર્ક ૧૪/૧થી રજુ કરેલ રાજકોટ જીલ્લા કલેકટરનો હુકમ રેવન્યુ રીવીઝન નં. ૨/૯૧નો તારીખ ૩૧/૧૨/૧૯૯૧ નો રજુ કરેલ છે તેમા તે રીવીઝન કલેકટરે જાતે કરેલ અને તેમાં આ કામના વાદીઓને પક્ષકાર તરીકે જણાવેલ નથી. તેમજ આ ામે સ્પે.દિ.મુ.નં.૧૧/૯૨, માર્ક ૧૪/૨થી જજમેન્ટની નકલ રજુ કેરલ છે તેમાં પણ આ કામના વાદી કોઈ પક્ષકાર તરીકે હાજર થયેલ નથી કે દાખલ થયેલ નથી, તેમજ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફ.અ.નં. ૩૨૮૭ની હાલમાં પેન્ડીગ છે, તે ધ્યાને લેતા તેમજ વાદીએ જે જગ્યાનો દાવો કરેલ છે તે જ જગ્યામાં આ કામના પ્રતિવાદીઓનો કબજો ભોગવટો છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કેરલ નથી. તેમજ વાદીએ દાવામાં જે હકીકત જણાવેલ છે તે તેમજ માર્ક ૩/૧થી જે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે બંનેના માપમા આશરે લગભગ પાંચગણી જગ્યા બતાવેલ છે. આ સંજોગોમાં વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ હોય તેવું હાલના તબકકે પુરવાર થતું ન હોય, વાદીઓએ પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલ

નથી. આ કામે જયારે વાદીઓએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરેલ નથી, જેથી અગવડતા સગવડતાનું પલ્લુ ઘ્યાને લઈએ તો આ કામે વાદગ્રસ્ત મિલ્કતમાં આ કામના પ્રતિ. નં.(૫) થી (૭)નાએ દાવાવાળી મિલ્કતનો વેચાણ અવેજ ચૂકવીને મિલ્કત ખરીદ કરેલ હોય જેથી જો મનાઈહુકમ આપવામાં આવે તો આ કામના વાદીઓ કરતા પ્રતિવાદીઓને વધુ હાડમારી ભોગવવી પડે તેમ છે, તેવા સંજોગોમાં અગવડતા–સગવડતાનું પલ્લુ ઘ્યાને લઈએ તો તે વાદીઓ કરતાં પ્રતિવાદીઓની તરફણમાં હોય તેવું મારું માનવું છે. આ કામે જયારે વાદીઓએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરી શકેલ નથી ત્યારે તેમજ અગવડતા સગવડતાનું પલ્લુ પણ વાદીઓ કરતાં પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનું પુરવાર થતું હોય તેવા સંજોગોમાં નાણામાં ન આંકી શકાય તેવું નુકશાન થવાનો સંભવ ઘ્યાને લઈએ તો જો આ કામે વાદીઓને મનાઈહુકમ આપવામાં આવે તો વાદીઓ કે જઓ વાદીઓના વડવાની કીકત જણાવે છે તેઓને ગુજરનાર સાથે શું સબંધ છે, તેવી કોઈ હકીકત તેઓએ તેમની દાવાઅરજી સાથે રજુ કરેલ નથી કે તેઓના વડવાના મરણનો દાખલો પણ આ કામે રજુ કેરલ નથી. આ કામે જો વાદીઓને મનાઈહુકમ આપવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓ કે જેઓએ મિલ્કતનો અવેજ ચૂકવી અને વર્ષોથી વાપર–ઉપયોગ કરતા આવેલ છે તેઓનો હકક છીનવાય જાય તેમ છે. અને આ કામે જો વાદીઓને મનાઈહુકમ આપવામાં ન આવે તો તેનાથી વાદીઓને કોઈ નુકશાન થાય તેવું પ્રથમ દર્શનીયરીતે જણાય આવતું નથી. જેથી નાણામાં ન આંકી શકાય તેવું નુકશાન વાદીઓ કરતા પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનું પુરવાર થાય છે.જેથી આ કામે હાલના તબકકે વાદીઓની મનાઈઅરજી મંજુર કરવી ન્યાયોચીત જણાય આવતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) વાદીની આંક–૫ની અરજી ગુણદોષ ઉપર નામંજુર યા ને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ દાવાના ખર્ચને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ–૧૪–ઓગષ્ટ સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.

મોરબી. (વાય.એન.પટેલ)

તારીખ :–૧૪–૦૮–૨૦૧૯. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ,

મો ર બી.

યુ.આઈ.સી.જી.જે.૦૦૬૬૪.